(૧૫)

**પ્ર.૧ (અ) નીચેની પાઠપૂર્તિ કરો.** **(૧૦)**

૧. તુબ્ભેહિં **અબ્ભણુણ્ણાએ સમાણે દેવસિયં પડિક્કમણં ઠાએમિ** દેવસિય

૨. પન્નત્તે **તં જહા ભોયણાઉ ય કમ્મઉ ય ભોયણાઉ સમણોવાસએણં** પંચ અઈયારા

૩. કુઈએ **કક્કરાઈએ છીએ જંભાઈએ આમોસે સસરક્ખામોસે** આઉલમાઉલાએ

૪. સંજય **વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મો અનિયાણો** દિટ્ઠિ સંપન્નો

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | **જવાબ** | | **જવાબ** |
|---|---|---|---|
| ૧. જાવંતિ | **જેટલા પણ** | ૨. તિવિહે | **ત્રણ પ્રકારના** |
| ૩. ખાતરખણી | **ખાતર પાડી** | ૪. ચઉવ્વિહે | **ચાર પ્રકારે** |
| ૫. ઉભઓકાલં | **બંને કાળ** | ૬. અજ્ઞાન મિથ્યાત્વ | **અજ્ઞાનને શ્રેષ્ઠ માનવું તે** |

**(ઇ) નીચે આપેલા શબ્દો કયા પાઠમાં આવે છે?** **(૨)**

વર–**સામાયિકના પાંચમા પાઠમાં, સામાયિકના સાતમા પાઠમાં**　　કોહાએ–**પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં**

ભવ્ય–**ચત્તારિ મંગલ સૂત્ર, પહેલા અને ત્રીજા ખામણામાં**　　ઉડ્ઢ–**પ્રતિક્રમણના છટ્ઠા વ્રતમાં**

(૫૫)

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. ડાલાપાલા કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ? (૧×૧૦)

**જ. ડાલાપાલા અનુયોગ દ્વાર સૂત્ર પ્રમાણપદ સૂત્રનો અધિકાર છે. તે અંગ કે ઉપાંગ નથી. મૂળ સૂત્ર છે.**

૨. મધ્યમ યુક્ત અનંતા એટલે શું?

**જ. જઘન્ય યુક્ત અનંતા અને ઉત્કૃષ્ટ યુક્ત અનંતા વચ્ચેની દરેક સંખ્યાને મધ્યમ યુક્ત અનંત કહેવાય.**

૩. ૧ પલ્યનું આયુષ્ય એટલે કેટલું?

**જ. ૧ પલ્યનું આયુષ્ય એટલે અસંખ્ય વર્ષો.**

૪. સંખ્યાના બોલ કેટલા? તેના મુખ્ય પ્રકાર કેટલા?

**જ. સંખ્યાના બોલ ૨૧ છે. તેના મુખ્ય પ્રકાર ત્રણ છે.**

૫. અનંતાનો પહેલો, પાંચમો અને ત્રીજો ભેદ લખો.

**જ. ૧) જઘન્ય પરિત્ત અનંતા ૫) મધ્યમ યુક્તા અનંતા ૩) ઉત્કૃષ્ટ પરિત્ત અનંતા.**

૬. વાસ્તવિક કાળનું માપ જાણીને શું કરવાનું છે?

**જ. અનંતકાળનું પરિભ્રમણ અટકાવવા પાપોથી બચવું, સંસારનો ભય પેદા કરવો, સમભાવ રાખવો.**

૭. મધ્યમ સંખ્યાતા કેવી રીતે મળે?

**જ. જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી બે દાણાં ન્યૂન કરવા પર મધ્યમ સંખ્યાતા મળે.**

૮. કયા પાલાનું માપ એકસરખું રહે છે?

**જ. શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા પાલાનું માપ એકસરખું રહે છે.**

૯. શલાકા પાલો ભરેલો હોય ત્યારે બાકીના ત્રણ પાલા કેવા હોય?

**જ. શલાકા પાલો ભરેલો હોય ત્યારે અનવસ્થિત ભરેલો હોય, પ્રતિશલાકા અને મહાશલાકા પાલો ખાલી હોય.**

૧૦. પુદ્ગલ પરાવર્તનના કાળની સમજણનો નક્કર નિચોડ શું છે?

**જ. પુદ્ગલ પરાવર્તનના કાળની સમજણનો નક્કર નિચોડ આત્મામાં વૈરાગ્ય પ્રગટાવવો તે છે.**

૧૧. જઘન્ય પરિત્ત અસંખ્યાતા કેવી રીતે મળે? (૭ થી ૮ લીટીમાં લખો.) (૫)

**જ. પહેલા શલાકાને ભરવા માટે અનવસ્થિત પાલો, પ્રતિશલાકાને ભરવા માટે શલાકા ભરવો અને શલાકાને અનવસ્થિત દ્વારા ભરવો, મહાશલાકાને ભરવા માટે પ્રતિશલાકા ભરવો અને પ્રતિશલાકાને ભરવા માટે**

**શલાકા અને શલાકાને ભરવા માટે પ્રતિશલાકા ભરવો. આ રીતે ક્રમશઃ ચોથો, ત્રીજો , બીજો એમ ત્રણ પાલા ભરી દેવા. છેલ્લે અનવસ્થિત પણ ભરી દેવો. ચારે પાલા ભરાય જવા પર તે ચારે પાલાના સરસવના દાણાં તથા છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં પડ્યો હતો ત્યાંથી પ્રથમ દ્વીપ–સમુદ્ર સુધી પડેલા બધા દાણાંને ભેગા કરવા અને એનો એક ઢગલો કરવો અને તે બધા દાણાંની ગણના કરતા જે સંખ્યા આવી તેને જઘન્ય પરિત્ત અસંખ્યાતા કહેવાય.**

**(આ) પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. બાદર ક્ષેત્ર અને સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્તન એટલે શું? (૪)

**જ. બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન – એક જીવ પોતાના મરણ દ્વારા લોકના આકાશાસ્તિકાયના બધા જ આકાશ પ્રદેશોને વિના ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન કહેવાય છે.**
**સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્તન – એક જીવ પોતાના મરણ દ્વારા ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમસ્ત સમયોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેટલા સમયને સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્તન કહેવાય છે.**

૨. રસનેન્દ્રિય સંબંધી શું વિચાર કરવો જોઈએ? પુદ્ગલ પરાવર્તન શું કહે છે? (૨×૩)

**જ. જે સ્વાદિષ્ટ ભોજન રાગપૂર્વક કરી રહ્યો છે તે જ પુદ્ગલો અનંતીવાર વિષ્ટારૂપે ગ્રહણ કરેલા છે. સ્વાદિષ્ટ પુદ્ગલ પાછા વિષ્ટા બનવાના જ છે. પુદ્ગલ પરાવર્તન કહે છે–પર પુદ્ગલથી ખસ અને સ્વમાં વસ.**

૩. વૈક્રિય, ભાષા, ઔદારિક અને મન પુદ્ગલ પરાવર્તનનો કાળ અપેક્ષા અલ્પબહુત્વ લખો.

**જ. સૌથી થોડા ઔદારિક પુદ્ગલ પરાવર્તનનો કાળ, તેથી મન પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો, તેથી ભાષા પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો, તેથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો.**

૪. કાર્મણ પુદ્ગલ પરાવર્તન એટલે શું?

**જ. કાર્મણ શરીરમાં રહીને જ્યારે લોકના બધા પુદ્ગલોને કાર્મણ શરીરરૂપે ગ્રહણ કરીને બદ્ધ, સ્પૃષ્ટ કરે છે અને તે જ પુદ્ગલોને નિર્જરા કરી છોડે છે તેને કાર્મણ પુદ્ગલ પરાવર્તન કહે છે.**

**(૨) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરશે? (૫)**

| | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| ૧. નારકીએ નારકીપણે ભાષા | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૨. મનુષ્યએ વાયરાપણે વૈક્રિય | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૩. માખીએ શ્વાસોચ્છ્‌વાસપણે | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૪. બ્રહ્મલોકના જીવે પૃથ્વીકાયપણે મનરૂપે | **કર્યા નથી અને કરશે પણ નહિ.** | |
| ૫. ચરમશરીરી જીવ ઔદારિકપણે | **અનંત** | **કરશે નહિ કેમ કે મોક્ષે જશે.** |

**(ઇ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૩)**

**૧. કેટલા જીવો ઉત્પન્ન થાય? સઅંતર કે નિરંતર? (૩×૩)**

જ. ૧) હેમવયના મનુષ્ય – **સંખ્યાતા. સઅંતર કે નિરંતર.**
૨) સીતાફળ – **અસંખ્યાતા. નિરંતર.**
૩) છીપ – **૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા. સઅંતર કે નિરંતર.**

૨. ક્યા ક્યા જીવોનું આયુષ્ય નિરૂપક્રમી હોય?

**જ. ૧) જુગલિયા મનુષ્ય, જુગલિયા તિર્યંચ, નારકીનો ૧ દંડક, દેવના ૧૩ દંડક, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ. ૨) તીર્થંકર અને ચરમ શરીરી જીવો. ૩) મનુષ્ય, તિર્યંચ નિરૂપક્રમી આયુષ્યવાળા હોય તે.**

૩. આયુષ્યના ૬૦૦ ભાંગા કેવી રીતે થાય?

**જ. ૧ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એકેક જીવ છ બોલનો બંધ કરે. તેથી ૨૫×૬ ૧૫૦ ભાંગા.**
**૧ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના ઘણા જીવ છ બોલનો બંધ કરે. તેથી ૨૫×૬ ૧૫૦ ભાંગા.**
**નિદ્ધત આયુષ્યના ૩૦૦ ભાંગા અને નિકાચિત આયુષ્યના ૩૦૦ ભાંગા એમ કુલ ૬૦૦ ભાંગા.**

૪. ૬૩ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે ક્યારે કરે? (૨×૨)

**જ. ૪૨ વર્ષે, ૫૬ વર્ષે, ૫૮ વર્ષ ૮ મહિના, ૫૮ વર્ષ ૧૦ મહિના ૨૦ દિવસ . આ રીતે જો આયુષ્યનો બંધ ત્રીજા ભાગે ન પડે તો છેલ્લે અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

૫. ૨૪ દંડકમાં સોપક્રમી અને નિરૂપક્રમી આયુષ્યના દંડક કેટલા? કયા કયા?

**જ. સોપક્રમીના દંડક ૧૦ તે ૫ સ્થાવરના ૫ દંડક, ૩ વિકલેન્દ્રિયના ૩ દંડક, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય. નિરૂપક્રમીના દંડક ૨૪ તે ૭ નરકનો ૧ દંડક, ૧૦ ભવનપતિના ૧૦ દંડક, ૫ સ્થાવરના ૫ દંડક, ૩ વિકલે.ના ૩ દંડક, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય, ૧ વાણવ્યંતર, ૧ જ્યોતિષી, ૧ વૈમાનિક.**

**(ઈ) વિરહપદના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. ૧૨ મુહૂર્ત, દેશે ઉણા ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમ અને ૪૨ મહિનાનો વિરહ કોનો પડે છે? (૬)

**જ. ૧૨ મુહૂર્ત–સમુચ્ચય નરક ગતિ, સમુચ્ચય તિર્યંચ ગતિ, સમુચ્ચય મનુષ્ય ગતિ, સમુચ્ચય દેવ ગતિ, તિર્યંચ ગર્ભજ, મનુષ્ય ગર્ભજ.**

**દેશે ઉણા ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમ–ભરત–ઈરવતમાં તીર્થંકર, તીર્થ, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ ચારિત્ર.**

**૪૨ મહિના–ચંદ્રગ્રહણ, સમુચ્ચય ગ્રહણ.**

૨. કરોળિયા, વિચાર કરતા ચકલા, ચકમક અને લાંતકનો ઉત્કૃષ્ટ વિરહ લખો. (૨×૩)

**જ. કરોળિયા – અંતર્મુહૂર્ત, વિચાર કરતા ચકલા – ૧૨ મુહૂર્ત, ચકમક – અંતર નથી, લાંતક – ૪૫ દિવસ.**

૩. સંમૂર્ચ્છિમ મનુષ્ય ક્યાં ઉત્પન્ન થાય છે? ક્યાં થતા નથી? શેનો ઉપયોગ ટાળવો જોઈએ? તેનો વિરહ લખો.

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્ય મનુષ્યની અશુચિમાં ઉત્પન્ન થાય છે. પરસેવામાં કે થૂંકમાં ઉત્પન્ન થતા નથી. ગટરનો ઉપયોગ જેટલો બને તેટલો ટાળવો જોઈએ. જ. ૧ સમય ઉ. ૨૪ મુહૂર્ત.**

૪. અગ્નિમાં કેટલા જીવો ઉત્પન્ન થાય છે? તે કોના કરતા વધારે છે? તે સમજાવો.

**જ. અગ્નિમાં દરેક સમયે અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે. તે ગર્ભજ મનુષ્ય કરતા વધારે છે. જેટલા અઢીદ્વીપમાં મનુષ્યો છે તેના કરતા તો એક સમયમાં વધારે જીવો ઉપજીને મરણ પામે છે.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વસ્તુ બગડી જાય તો મારે શું ન વિચારવું? (કોઈપણ ચાર મુદ્દા)

**જ. ૧) કામમાં ધ્યાન હોય નહિ પછી વસ્તુ બગડે જ ને! ૨) તેને વસ્તુની કાંઈ કિંમત જ નથી. ૩) આવા માણસને કાંઈ વસ્તુ દેવાય જ નહિ તોડીને જ આવે છે. ૪) વસ્તુ કાંઈ મફતમાં નથી આવતી. ૫) આમ ધ્યાન ન રાખે અને બગાડી નાંખે તો ન ચાલે. ૬) તેના બધા કામ આવા જ હોય છે, તેનામાં આવડત જ નથી. ૭) તેની પાસેથી વસૂલ કરીએ તો જ એને ખબર પડે.**

૨. મનનો કાબુ કેવી રીતે કરવો? અવગુણો કયા છે?

**જ. મનનો કાબુ – ખરાબ વિચારો દૂર કરો તો પાપ કરવાનું મન ન થાય. ઈચ્છાઓને ઓછી કરવા પ્રયત્ન કરવો. શું મને આ જરૂરી છે? તે વિચારી કાર્ય કરવાથી પાપ અટકશે. અવગુણો–ઈર્ષ્યા, સ્વાર્થ, કદાગ્રહ, ઉતાવળ.**

૩. ઉપયોગ સહિત બોલવાથી શું થાય છે? શેનો લાભ થાય છે? શેની આરાધના થાય છે?

**જ. ઉપયોગ સહિત બોલવાથી શાતા વેદનીય, શુભ આયુષ્ય, શુભ નામ અને ઉચ્ચ ગોત્ર આ ચાર અઘાતી કર્મ બંધાય છે. સંવર અને નિર્જરાનો લાભ થાય છે. મોક્ષમાર્ગની આરાધના થાય છે.**

૪. કાયાનું નિરીક્ષણ કેવી રીતે કરવાનું?

**જ. કાયા દ્વારા ફેશન, વ્યસન, વિકાર અને ઈન્દ્રિયોથી સુખ, સાધનોનો ભોગવટો કર્યો તે સારું કે ખરાબ? જે કાયામાં માત્ર વિષ્ટા ભરી છે તેને અનેક પ્રકારની હિંસાથી શુદ્ધ કરવાના પ્રયત્નો કર્યા તે હિંસાથી અને વિષયભોગથી ઉત્પન્ન થનાર દુ:ખોનો વિચાર તો કરો!**

૫. સાચું આત્મ ઘડતર કયું છે? વસ્ત્રનું ઘડતર કેવી રીતે કરવાનું?

**જ. મોક્ષમાર્ગની આરાધના કરવા મિથ્યાત્વ, અવ્રત દૂર કરી અને પ્રમાદને ઘટાડવા અગ્રેસર બનવું તે જ સાચું આત્મ ઘડતર છે. ગમે તેટલા આકર્ષક, સુંદર, સુંવાળાં વસ્ત્રનો તાકો પણ શરીરે વીંટીને બહાર ન નીકળી શકાય એનું પણ સીલાઈરૂપ ઘડતર કરવું જ છે.**

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે થી ત્રણ લીટીમાં લખો.**

૧. કનકરથ રાજા શું કરતા હતા? શા માટે? (૨×૩)

**જ. કનકરથ રાજા પોતાના રાજ્યમાં અને અંતઃપુરમાં મૂર્છિત, લોલુપ, આસક્ત હતા. તેથી તેઓ જન્મ પામતા પોતાના પુત્રોને વિકલાંગ કરી દેતા હતા. જેથી વિકલાંગ રાજકુમાર ભવિષ્યમાં રાજા બની શકે નહિ.**

૨. જીવ કયા કારણે ભારે થાય છે અને કયા કારણે હલકો થાય છે?

**જ. જીવ પ્રાણાતિપાત વગેરે ૧૮ પાપસ્થાનકોનું સેવન કરીને ભારેપણાને પ્રાપ્ત થાય છે. જીવ પ્રાણાતિપાત વગેરે ૧૮ પાપસ્થાનકોનો ત્યાગ કરીને હળવાપણાને પ્રાપ્ત થાય છે.**

૩. તેતલીપુત્ર હતાશ થઈ ગયા પછી દેવે શું કહ્યું?

**જ. હે તેતલીપુત્ર! આગળ ખાડો હોય, પાછળ હાથીનો ભય હોય, બંને બાજુ કાંઈ જોઈ ન શકાય તેવું ગાઢ અંધારું હોય, વચ્ચે બાણોની વર્ષા થતી હોય, ત્યારે આપણે ક્યાં જવું? ગામમાં આગ લાગે તો માણસ વનમાં ભાગી જવાનો વિચાર કરે પરંતુ ગામ અને વન ભડકે બળતા હોય ત્યારે આપણે ક્યાં જવું?**

૪. ઈશાનેન્દ્રે કેવી રીતે કોપ કર્યો અને કોપિત થઈ શું કર્યું?

**જ. ક્રોધથી દાંત કચકચાવતા, દેવશય્યામાં રહેલા તે ઈશાનેન્દ્ર ભ્રૃકુટી ચડાવીને એકટીશે બલિચંચા તરફ જોવા લાગ્યા. ક્રોધ સાથે દૃષ્ટિ કરી, તેજોલબ્ધિનો પ્રયોગ કરી, તેના દિવ્ય પ્રભાવથી બલિચંચા રાજધાની બળવા લાગી.**

૫. તામલી તાપસે શું અભિગ્રહ ધારણ કર્યો? પ્રાણામા દીક્ષામાં શું કરે?

**જ. હું જાવજ્જીવ સુધી છટ્ઠ છટ્ઠની તપસ્યા કરીશ. ભિક્ષાવિધિ દ્વારા લાવેલા શુદ્ધ ઓદણને ૨૧ વાર પાણીથી ધોઈને તેનો આહાર કરીશ. પ્રાણામા દીક્ષામાં ઈન્દ્ર, રાજા, સાર્થવાહ, કાગડા, કૂતરા, ચાંડાળ વગેરે જે જ્યાં મળે તેને પ્રણામ કરે છે.**

**(૧૦)**

**પ્ર.૫ નીચેના જવાબ કાવ્યના આધારે લખો.**

૧. ખેડુત, સાધુ, અણગળ, લુહારથી શરૂ થતી કડી પૂર્ણ કરો. (૮)

**જ. ખેડુત – ખેડુતના ભવે હળ ખેડાવ્યા, ફોડ્યા પૃથ્વીના પેટ,**
**સૂડ નિંદણ કીધા ઘણા, દીધા બળદ ચપેટ.**
**સાધુ – સાધુ અને શ્રાવક તણા, વ્રત લઈને ભાંગ્યા,**
**મૂળ અને ઉત્તર તણા, મુજ દૂષણ લાગ્યા.**
**અણગળ – અણગળ આંધળ મેલિયા, અણપૂંજ્ય ચૂલે,**
**અણસોયા કણ ઓરિયા, તેના પાપ કેમ ભૂલે?**
**લુહાર – લુહારના ભવ જે કર્યા, ઘડ્યા શસ્ત્ર અપાર,**
**કોસ, કોદળા ને પાવડા, ધગધગતી તલવાર.**

૨. બારમું પાપ કઈ કડીમાં આવે છે? તેનો નંબર લખી કડી લખો. (૨)

**જ. કડી ૯ – કલહ કરી જીવ દૂભવ્યા, દીધા કૂડા કલંક,**
**નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક.**

**જય – જિનેન્દ્ર**